# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

| | |
|---|---|
| તારીખ અને વાર | : શનિવાર, ૨૭ જુલાઈ ૨૦૧૯ |
| સમય | : સાંજે ૪-૦૦ કલાકે |
| સ્થળ | : શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સમિતિ ખંડ, આશ્રમરોડ અમદાવાદ |


## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

૨૦ જુલાઇ, ૨૦૧૯

પ્રતિ,
કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા શનિવાર તા. ૨૭-૭-૨૦૧૯ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ચેમ્બરના પ્રમુખ શ્રી દુર્ગેશ વી. બુચના અધ્યક્ષસ્થાને શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ, ગુજરાત ચેમ્બર, આશ્રમરોડ, અમદાવાદ-૯ ખાતે નીચેના કામકાજ માટે મળશે.

## : એજન્ડા :

| I | આઇટેમ | મીનીટ્સ અને એક્શન ટેકન રીપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | ૧. | તા. ૨૯-૬-૨૦૧૯ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજુર કરવા. | ૧ થી ૧૪ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | ૨. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો. | |
| | | ૨.૧ અગત્યના પ્રસંગો- (૧૫ જુન થી ૧૫ જુલાઇ, ૨૦૧૯ દરમ્યાન) | ૧૫ |
| | | ૨.૨ ૧૫ જુન થી ૧૫ જુલાઇ, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો. | ૧૫ થી ૧૭ |
| | | ૨.૩ એક્શન ટેકન રીપોર્ટ | ૧૭ |
| | | ૨.૪ અન્ય માહિતી. | ૧૭ |
| | ૩. | કમિટી અને સલાહકારી સમિતિના અહેવાલો. | |
| | | ૩.૧ કમિટીઓની મીટીંગના અહેવાલો. | ૧૮ |
| | | ૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી. | ૧૮ |
| III | | ચર્ચા અને મંજુરી માટે | |
| | ૪. | કારોબારી સમિતિની વિવિધ કમિટિઓની રચના અને ચેરમેનની નિમણૂકની જાણ કરવા. | |
| | ૫. | પ્લાસ્ટીક ઉદ્યોગોના પ્રશ્નો :<br>• GPCBદ્વારા પ્લાસ્ટીક પેકીગની વસ્તુઓ બનાવતા ૧૦૦૦ જેટલાં લોકોને કલોઝર નોટીસ આપવામાં આવી તે બાબતે ચર્ચા કરવા.<br>• પ્લાસ્ટીક ઉદ્યોગોમાં કાર્યરત એકમોની નવી કાયદાકીય જોગવાઇના અમલીકરણ માટે પુરતો સમય મળી રહે તે ઉદ્દેશથી સમય મર્યાદામાં વધારો કરવા અંગે ચર્ચા કરવા.<br>• ખાદ્ય પદાર્થના પેકેજીંગમાં વપરાતી પ્લાસ્ટીક ની વસ્તુઓના વપરાશ પર પ્રતિબંધથી પડી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવા. | |
| | ૬. | જીએસટીના પ્રશ્નો :<br>• ટેકનીકલ ભૂલને કારણે લાંબા સમયથી બાકી જીએસટી રીફંડના નિકાલ અંગે રેક્ટીફીકેશન પખવાડીયું યોજવા અંગે ચર્ચા કરવા.<br>• તા. ૧-૭-૧૭ થી ૧૩-૧૦-૨૦૧૭ના સમયગાળામાં મશીનની ખરીદી ઉપર ચૂકવેલ આઇ-જીએસટી અને ઇસીજીસીનો લાભ આપવા અંગે ચર્ચા કરવા. | |

| | | | |
|---|---|---|---|
| | ૭. | **વીજળીના પ્રશ્નો :**<br>• ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશનની જેમ રાજ્ય કક્ષાએ નેશનલ ગેસ રેગ્યુલેટરી કમિશનની સ્થાપના અંગે ચર્ચા કરવા.<br>• કોલ્ડ સ્ટોરેજ ઉપર લાગતી ઇલેક્ટ્રીસીટી વીજ ડયુટીને અન્ય ઉદ્યોગોના ધોરણે ચાર્જ કરવા અંગે ચર્ચા કરવા.<br>• ઉદ્યોગોને શોર્ટટર્મ ઓપન એક્સેસ થકી વ્યાજબી ભાવે વીજળીની ખરીદી કરવા અને તેના ઉપર કોઇ પ્રતિબંધ મુકતી જોગવાઇઓ ન લગાવવા અંગે ચર્ચા કરવા.<br>• કેપ્ટીવ પાવર પ્લાન્ટ ઉપર લાગતી વીજળી ડયુટીમાં ૧૫ પૈસાના સુચિત વધારા અંગે ચર્ચા કરવા. | |
| | ૮. | સરકારી જી.આઇ.ડી.સી. અને અન્ય ખાનગી ઔદ્યોગિક વસાહતોના પ્રશ્નો અંગે ચર્ચા કરવા.<br>• હાલના મોટાભાગના જી.આઇ.ડી.સી. ખુબજ જુના થઇ ગયેલ હોવાથી તેમાં નવા પ્લોટ માટેની જગ્યા રહી નથી. આ જુના જી.આઇ.ડી.સી.ના વિસ્તરણ તેમજ નવા જી.આઇ.ડી.સી.ની સ્થાપનાનો પ્રશ્ન અંગે ચર્ચા કરવા.<br>• જે તે મહાનગરપાલીકા અને જી.આઇ.ડી.સી. દ્વારા બમણો કર વસુલવામાં આવે છે તે અંગે ચર્ચા કરવા.<br>• નવા મંજુર કરેલ જી.આઇ.ડી.સી.માં પ્લોટના ભાવો નક્કી કરવા અને હાલમાં માર્કેટ ભાવ ખુબ ઉંચા રાખવામાં આવ્યા છે તે અંગે ચર્ચા કરવા.<br>• જી.આઇ.ડી.સી.માં ગાર્ડનીગ વિગેરે સર્વિસ આપવા સમયે સર્વિસ ટેક્ષની કરવામાં આવતી વસુલાત અંગે ચર્ચા કરવા.<br>• જુના જી.આઇ.ડી.સી.ઓના પ્લોટને ફ્રી હોલ્ડમાં પરિવર્તિત કરતાં સમયે માર્કેટ ભાવ લેવામાં આવે છે તેના બદલે એલોટમેન્ટ સમયનો ભાવ લેવા અંગે ચર્ચા કરવા. | |
| | ૯. | **MSME એકમોને લગતા પ્રશ્નો :**<br>• ભારત સરકારના MSME મંત્રાલયના પત્ર અનુસંધાને MSME એકમોને પડતી મુશ્કેલીઓ અને તેનાં સૂચિત નિરાકરણો અંગે ચર્ચા કરવા.<br>• MSME એકમો માટે જીએસટીના બાકી લેણાં ઉપર લગાવવામાં આવતાં ઉંચા વ્યાજદર સામે જીએસટી રીફંડ સમયે મળતા ખુબજ ઓછા વ્યાજદર અંગે ચર્ચા કરવા. | |
| | ૧૦. | **અન્ય વેપાર-ઉદ્યોગના પ્રશ્નો :**<br>• જુદા જુદા રીજનલના સ્ટાર્ટ-અપ અને નવા વેપારલક્ષી સાહસોની બાબત અંગે ચર્ચા કરવા.<br>• વટવા અને જી.આઇ.ડી.સી.માં આવેલ ઉદ્યોગોને પી.એફ. એક્ટના ઉલ્લંઘન અંગે એકમોને મળેલ બેન્ક એકાઉન્ટ એટેચમેન્ટ નોટીસ અંગે ચર્ચા કરવા.<br>• મીઠા ઉદ્યોગ માટે અગાઉ સોલ્ટ કમિશ્નરની કચેરી કાર્યરત હતી જે હવે ન હોવાથી કોઇ પણ મધ્યસ્થી સંસ્થા અથવા કચેરી નથી. આ કારણોસર મીઠા ઉદ્યોગને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવા.<br>• AEO નું સર્ટિફીકેટ ન ધરાવતાં પ્રામાણીક નિકાસકારોને ચેકિંગની પ્રક્રિયામાંથી મુક્તિ આપવા અંગે ચર્ચા કરવા.<br>• રાજસ્થાનની ફેલ્સપારની ખરીદી ઉપર મુકેલ પ્રતિબંધો અંગે ચર્ચા કરવા.<br>• મોબાઇલ સેવામાં આવતી તકલીફો જેમ કે કોલ ડ્રોપીંગ, અસંગત કનેક્ટીવીટી અને અપૂરતું ડેટા નેટવર્ક અંગેની ફરિયાદો વિષે ચર્ચા કરવા. | |

| | | | |
|---|---|---|---|
| | ૧૧. | • ટ્રાફીકની સમસ્યાઓના નિરાકરણ માટે જાહેર કરેલ પ્રાયોગિક જાહેરનામાને લીધે સંભવિત મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવા.<br>• ગુજરાત રાજ્યની પેટ્રન રજીસ્ટ્રેશન સહાય અંગેની સ્કીમમાં જરૂરી ફેરફાર કરવા અંગે ચર્ચા કરવા.<br>• ગુજરાત સ્ટેમ્પ એક્ટ ૧૯૫૮માં જરૂરી ફેરફારો કરવા અંગે ચર્ચા કરવા.<br>• જાહેર જનતા સાથે સીધા સંપર્કમાં આવતાં સબ રજીસ્ટ્રારની કચેરીઓને વિકસાવવાનું કામ ત્વરિત ધોરણે પુરું કરવા અંગે ચર્ચા કરવા.<br>• કેન્દ્રીય બજેટ ૨૦૧૯માં જાહેરાત મુજબ તા. ૧-૭-૨૦૧૯ થી ડીજીટલ પેમેન્ટ ઉપર મર્ચન્ટ ડીસ્કાઉન્ટ રેટ (MDR) તેમજ અન્ય ચાર્જીસ નાબુદ થયા છતાં બેન્કો દ્વારા વસુલ કરવામાં આવે છે તે અંગે ચર્ચા કરવા. | |
| | ૧૨. | • દરેક જીલ્લાના વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અંગે સંકલન કરવા જીલ્લા વાઇઝ કારોબારી સમિતિના સભ્યોની નિમણૂક કરવા અંગે ચર્ચા કરવા. | |
| | ૧૩. | • વેપાર-ઉદ્યોગના પ્રશ્નોના નિરાકરણ માટે લીગલ ફંડ ઉભું કરવું અને તે માટેના ચોક્કસ નિયમો બનાવવા અંગે ચર્ચા કરવા. | |
| | ૧૪. | • ચેમ્બરના ગ્રાઉન્ડ ફ્લોરની મિલકત કે જે VFS ગ્લોબલને ભાડાપેટે આપી છે તે વધુ ત્રણ વર્ષ માટે રીન્યુ કરવા બાબતે VFS ગ્લોબલ તરફથી વિનંતી આવી છે. તેમણે વિનંતી કરી છે કે હાલમાં જે રૂા.૪૬.૨૦ / સ્કવે. ફીટ નું ભાડું નક્કી થયેલ છે તે જ ભાવે આવતાં ત્રણ વર્ષ માટે પણ ભાડાખત રીન્યુ કરવા અંગે ચર્ચા કરવા. | |
| | ૧૫. | પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૧૬. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મિટિંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કતુ દેસાઇ

*સેક્રેટરી જનરલ*

# કારોબારી સમિતિની માસિક સભાની મીનીટ્સ

મિટિંગ નં. : ૧/૨૦૧૯-૨૦
તારીખ : ૨૯-૬-૨૦૧૯
સ્થળ : શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સમિતિખંડ
પ્રમુખ : શ્રી દુર્ગેશ બુચ

**એનેક્ષર - એ મુજબ આ મિટિંગમાં સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.**

- પ્રમુખશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા.

**એજન્ડા :**

**આઇટેમ નં. ૧**

- પ્રમુખશ્રીએ તા. ૨૪-૫-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપી હતી તેને મંજુર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ મીનીટ્સમાં શ્રી ક્તુ દેસાઇની સેક્રેટરી જનરલ તરીકે ૧-૭-૨૦૧૯ થી નિમણૂક કરવામાં આવી છે જેની સભાએ સર્વાનુમતે મંજુરી આપી હતી તે મુદ્દો લેવાનો રહી ગયેલ છે તો આ સુધારા સાથે આપ સૌની મંજુરી હોય તો મીનીટ્સ મંજુર કરીએ.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ તા. ૨૪-૫-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ)શ્રી ક્તુ દેસાઇની સેક્રેટરી જનરલ તરીકે નિમણૂકની મંજુરી સાથેના સુધારા સાથે સર્વાનુમતે મંજુર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૨૪-૫-૨૦૧૯ના રોજ મળેલ કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સુધારા સાથે સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં. ૨**

૨.૧ થી ૨.૩ તા. ૧૫ મે થી ૧૫ જુન, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમો તેના અહેવાલો (એક્ઝીક્યુટીવ સમરી) અને ગુજરાત ચેમ્બર તરફથી કરવામાં આવેલ રજૂઆતો તથા ચેમ્બર તરફથી ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફીકેટ ઓફ ઓરીજીન અને અખબારી નિવેદનોની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની સમિતિને જાણ કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ તેની નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૩**

૩.૧ ગુજરાત ચેમ્બરની વર્કીંગ કમિટીઓની તા. ૧૫ મે થી ૧૫ જુન, ૨૦૧૯ દરમ્યાન ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ મીટીંગોની ચર્ચા કરવામાં આવી હતી.

- સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૩.૨ પ્રમુખશ્રીએ તા. ૧૫ મે થી ૧૫ જુન, ૨૦૧૯ માસ દરમ્યાન મળેલ સલાહકારી સમિતિની મીટીંગોની અને આ મીટીંગમાં ઉપસ્થિત રહેલ ચેમ્બરના પ્રતિનિધિઓ દ્વારા આમાં થયેલ કાર્યવાહીની વિગતોની જાણ કરી હતી.

- સમિતિના સભ્યોએ નોંધ લીધી હતી.

**આઇટેમ નં. ૪**

- તા. ૨૪-૬-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો આપતાં માનદ્-મંત્રીશ્રી અંબર પટેલે જણાવ્યું હતું કે નવા સભ્યો અંગે કુલ-૨૧ અરજીઓ આવી હતી જેમાંથી ૨૦ અરજીઓને મંજુર કરવામાં આવી હતી જ્યારે પુરાવાના અભાવે એક અરજી પેન્ડીંગ રાખવામાં આવી હતી જેને કારોબારી સમિતિની મંજુર માટે મુકવા ભલામણ કરવામાં આવી હતી જ્યારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં કે કેટેગરીમાં ફેરફાર અંગે કુલ-૧૦ અરજીઓ મળી હતી જેમાંથી ૪ અરજીઓને મંજુર કરવામાં આવી હતી જ્યારે ૬ અરજીઓ પુરાવાને અભાવે પેન્ડીંગ રાખવામાં આવી હતી
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ સ્ક્રુટિની સમિતિએ આપેલ અહેવાલની નોંધ લઇ સર્વાનુમતે મંજુર કરી ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૨**

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૪-૬-૨૦૧૯ના રોજ મળેલ સ્ક્રુટિની સમિતિની મિટિંગમાં મંજુર કરી ભલામણ કરવામાં આવેલ નવા સભ્યોની કુલ-૨૧ અરજીઓ મળી હતી તેમાંથી ચકાસણી કરી ૨૦ અરજીઓને એનેક્ષર-બી મુજબ મંજુર કરવામાં આવી છે. જ્યારે ચેમ્બરના સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિના નામમાં કે કોઇ પણ કેટેગરીમાં ફેરફારની કુલ-૧૦ અરજીઓ મળી હતી જેમાંથી ૪ અરજીઓને એનેક્ષર-સી મુજબ મંજુર કરવામાં આવી છે.

**આઇટેમ નં. ૬ અને ૭**

- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના બેન્ક ખાતા અને બિઝનેસ વિમેન વિંગના ખાતા ઓપરેટ કરવા અંગે બંધારણની જોગવાઇ અનુસાર કરવામાં આવે છે. તેમ જણાવી પ્રમુખશ્રીએ સમિતિના સભ્યો સમક્ષ રજૂઆત કરી હતી અને નીચે મુજબ ઠરાવ કર્યો હતો.
- વધુમાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરની અલગ અલગ બેન્કોમાં જે એકાઉન્ટ્સ છે તેમાંથી જરૂરી બેન્ક ખાતા ચાલુ રાખી અન્ય ખાતાઓ બંધ કરવા જરૂરી છે. આનાથી બેન્ક રીકન્સીલેશન અને એકાઉન્ટ્સના ઘણાં બધા પ્રશ્નોમાં સરળતા રહેશે.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ આની સર્વાનુમતે સંમતિ આપી બેન્ક ખાતા અંગે ઠરાવ કર્યો હતો.

**ઠરાવ નં. ૩**

બેન્કોમાં ચેમ્બરના સેવિંગ્સ તથા ચાલુ ખાતાઓ ઓપરેટ કરવા માટે બંધારણની કલમ-૩૯ મુજબ પ્રમુખ અને સિનિયર ઉપ-પ્રમુખ તેમજ ઉપ-પ્રમુખોમાંથી એક અને બે માનદ્-મંત્રી તથા માનદ્-ખજાનચીમાંથી કોઇ પણ એકની સાથે સેક્રેટરી જનરલ અથવા સી.ઇ.ઓ.ની કાઉન્ટર સહીથી ઓપરેટ થઇ શકે તેવી જોગવાઇ છે તે મુજબ નીચેના હોદ્દેદારો આ ખાતા ઓપરેટ કરી શકશે તેવું નક્કી કરવામાં આવ્યું.

| | | |
|---|---|---|
| ૧. શ્રી દુર્ગેશ બુચ | - | પ્રમુખ |
| ૨. શ્રી નટુભાઇ પટેલ | - | સિનિ. ઉપ-પ્રમુખ |
| ૩. શ્રી ભાર્ગવ ઠક્કર | - | ઉપ-પ્રમુખ |
| ૪. શ્રી સંજીવ છાજર | - | માનદ્-મંત્રી |
| ૫. શ્રી દિલીપ પાધ્યા | - | માનદ્-મંત્રી(રીજીયોનલ) |
| ૬. શ્રી પથિક પટવારી | - | માનદ્-ખજાનચી |
| ૭. શ્રી કતુ દેસાઇ | - | સેક્રેટરી જનરલ (કાઉન્ટર સાઇન) |
| અથવા | | |
| શ્રી હસમુખ હિંગુ | - | સી.ઇ.ઓ. (કાઉન્ટર સાઇન) |

➢ આ ઉપરાંત ચેમ્બરની સ્ટાફ સેલેરી, સ્ટેટ અને સેન્ટ્રલ ગવર્મેન્ટની આપવાની થતી રકમો જેમ કે ઇન્કમટેક્ષ, જીએસટી, પ્રોફેશનલ ટેક્ષ, મ્યુનિ. ટેક્ષ, પ્રોવિડન્ટ ફંડ, ટેલીફોન અને ઇલેક્ટ્રીસીટી બીલ વગેરે ચેકમાં માનદ્-મંત્રી અથવા માનદ્-મંત્રી(રીજીયોનલ) અથવા માનદ્-ખજાનચી ત્રણમાંથી એક અને સેક્રેટરી જનરલ અથવા સી.ઇ.ઓ.ની સહીથી કાર્યવાહી કરી શકાશે તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

It is hereby resolved that until further instructions:

1. The transactions with the Bank accounts of the Gujarat Chamber of Commerce & Industry shall be drawn and these accounts will normally be operated by the following Office Bearers of this Chamber in terms of Article 39 of the constitution of the Chamber.

| | |
|---|---|
| ( a ) Shri Durgesh Buch | President |
| ( b ) Shri Natubhai Patel | Sr. Vice President |
| ( c ) Shri Bhargav Thakkar | Vice President |
| ( d ) Shri Sanjiv Chhajer | Hon. Secretary |
| ( e ) Shri Dilip Padhya | Hon. Secretary (Regional) |
| ( f ) Shri Pathik Patwari | Hon. Treasurer |
| ( g ) Shri Kratu Desai | Secretary General (Counter Sign) |
| or | |
| Shri Hasmukh Hingu | C.E.O. (Counter Sign) |

2. All transactions shall be operated by following three signatories.
   a) President or Sr. Vice President or Vice President [Any One].
   b) Hon. Secretary (Local) or Hon. Secretary (Regional) or Hon. Treasurer. [Any One].
   c) Counter signed by the Secretary General or CEO

Further resolved that Hon. Secretary or Hon. Secretary (Regional) or Treasurer and Secretary General or CEO be authorized to sign in respect of payment of GCCI Staff Salary, State and Central Govt. dues (Income Tax, GST, Professional Tax, Municipal Tax, Provident Fund, Telephone & Electricity bill).

3. Further resolved that Secretary General or CEO is authorized in respect of payment upto Rs. 10000/-.
4. The Bank(s) concerned be informed by Secretary General or CEO accordingly and to note that the previous instruction in this behalf would now be treated as cancelled.

**ઠરાવ નં. ૪**

| | | |
|---|---|---|
| ૧. શ્રી સંજીવ છાજર | - | માનદ્-મંત્રી |
| ૨. શ્રી પથિક પટવારી | - | માનદ્-ખજાનચી |
| ૩. શ્રીમતી ફણી ત્રિવેદી | - | ચેરપર્સન, બિઝનેસ વિમેન વિંગ |
| ૪. શ્રી ક્રતુ દેસાઇ | - | સેક્રેટરી જનરલ (કાઉન્ટર સહી) |

નોંધ : ચેરપર્સનની ગેરહાજરીમાં કો-ચેરપર્સન અને માનદ્-ખજાનચીની ગેરહાજરીમાં માનદ્-મંત્રી બિઝનેસ વિમેન વિંગનું બેન્ક ખાતું ઓપરેટ કરી શકશે.

- આ અંગે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

It is hereby resolved that until further instructions:

1. The Transactions with the Bank accounts of the "Business Women Wing" shall be drawn and these accounts will be operated by the following office bearers of the Chamber.

| | |
|---|---|
| ( a ) Shri Sanjiv Chhajer | Hon. Secretary |
| ( b ) Shri Pathik Patwari | Hon. Treasurer |
| ( c ) Smt. Fani Trivedi | Chairperson- BWW |
| ( d ) Shri Kratu Desai | Secretary General (Counter Sign) |

Note : In the absence of the Chairperson, the Co-chairperson shall be authorized, whereas in the absence of the Hon. Treasurer, the Hon. Secretary of the Chamber shall be authorized to operate the BWW Bank Account.

2. All transactions shall be operated by following :
   ( a ) Hon. Treasurer or Hon. Secretary
   ( b ) Chairperson-BWW or Co-Chairperson
   ( c ) Counter signed by the Secretary General.

3. The Bank(s) concerned be informed by Secretary General accordingly and to note that the previous instruction in this behalf would now be treated as cancelled.

**<u>આઇટેમ નં. ૮</u>**

- પ્રમુખશ્રીએ વેપાર-ઉદ્યોગના પ્રશ્નો જે ચેમ્બરમાં મોકલી આપવામાં આવ્યા હોય અને રજૂઆતો પણ કરવામાં આવી હોય આમ છતાં તે પ્રશ્નો વણઉકલ્યા રહ્યા હોય તેવા પ્રશ્નો અને ભવિષ્યમાં ઉભા થનાર વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અંગે એક્શન પ્લાન કરવા અંગે સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આવા પ્રશ્નોની યાદી આપ સૌને આપવામાં આવી છે.
- ઉપસ્થિત સભ્યોએ આ અંગે ચર્ચા કરી હતી.
- શ્રી ગૌરાંગ ભગતે શરુઆતમાં જે ૧૮ ટકા જીએસટી લેવામાં આવ્યો હતો તેના રીફંડ અંગે કોમર્શિયલ ટેક્ષ કમિશ્નરશ્રીને રજૂઆત કરી આ બજેટમાં આ અંગે રકમ ફાળવી શકાય તો આ અંગે સત્વરે રજૂઆત કરવી જોઇએ.
- પ્રમુખશ્રીએ આ અંગે સેક્રેટરીયેટને સૂચના આપી હતી અને શ્રી ગૌરાંગ ભગતને આની કોપી મોકલી આપવા જણાવ્યું હતું.
- શ્રી પ્રતાપ ચંદને વ્યવસાયવેરો નાબુદ કરવો જોઇએ તેવી રજૂઆત કરવી જોઇએ તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે મની લેન્ડીંગ એક્ટ મહારાષ્ટ્ર પ્રમાણે લાગુ કરવો જોઇએ અને આ અંગે વધુ યોગ્ય રજૂઆત કરવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ શ્રોફ મહાજનના સભ્યો સાથે રજીસ્ટર્ડ અને અનરજીસ્ટર્ડ લેન્ડર્સ ની મિટિંગ કરવામાં આવશે અને આ અંગે રજૂઆત તૈયાર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.
- પ્રમુખશ્રીએ આ ઉપરાંત આપવામાં આવેલ તમામ મુદ્દાઓનો અભ્યાસ કરી સત્વરે ચેમ્બરને જણાવવા સૂચન કર્યું હતું જેથી આગળની કાર્યવાહી થઇ શકે.

**<u>આઇટેમ નં. ૯</u>**

- પ્રમુખશ્રીએ સરકારી જી.આઇ.ડી.સી. અને અન્ય ખાનગી ઔદ્યોગિક વસાહતોના પ્રશ્નો અંગે ચર્ચા કરતાં જણાવ્યું હતું કે જી.આઇ.ડી.સી.ને લગતા પ્રશ્નો અંગે જે રજૂઆતો ચેમ્બરમાં આવી છે તે આપને ટેબલ ઉપર આપવામાં આવી છે. આમ છતાં આપના કોઇ પ્રશ્નો હોય તો રજૂઆત કરવા જણાવ્યું હતું.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જી.આઇ.ડી.સી.ને લગતા પ્રશ્નોની યાદી ખુબજ લાંબી છે અને આ અંગે ચર્ચા કરવા, પ્રશ્નોની સામે તેનું નિરાકરણ પણ તૈયાર કરવા ઘણો સમય જરૂરી છે અને આ માટે શ્રી સચિન પટેલ અને શ્રી પ્રકાશ વરમોરાને જવાબદારી સોંપી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરના સેક્રેટરીએટનો સહયોગ લઇ જી.આઇ.ડી.સી.ને લગતા તમામ પ્રશ્નોની એક યાદી બનાવવી અને ત્યારબાદ એક મિટિંગનું તાત્કાલિક આયોજન કરવું અને તેના પછી ફાઇનલ તૈયાર કરવામાં આવેલ પ્રશ્નો માટે જી.આઇ.ડી.સી.ના ઉચ્ચ અધિકારીઓ સાથે કે ચેરમેન, મેનેજીંગ ડીરેક્ટર સાથે ઓપનહાઉસનું આયોજન કરીશું.
- શ્રી નિલેશ શુક્લએ જી.આઇ.ડી.સી.ના પ્રશ્નો માટે FIA ને સાથે રાખવા સૂચન કર્યું હતું અને રીજનલ ચેમ્બરો પાસેથી પણ પ્રશ્નો મંગાવવા જોઇએ તેવું સૂચન કર્યું હતું.

**<u>આઇટેમ નં. ૧૦</u>**

- અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા પેકિંગ માટે વપરાતા સિંગલ યુઝ પ્લાસ્ટીકની વસ્તુઓના ઉત્પાદનના ઉપયોગ ઉપર લગાવેલ પ્રતિબંધ અને તેના કારણે ઉભા થતાં પ્રશ્નોની ચર્ચા કરતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ માટે તાત્કાલિક પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રીઝ એસોસીયેશનના સભ્યો અને અન્ય સભ્યોને આ લાગુ પાડવાથી મુશ્કેલી પડે છે તેવા આશરે ૪૫૦ સભ્યો સાથે એક મિટિંગનું આયોજન કર્યું હતું અને આ મિટિંગમાં ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા અને આ બાબતે અસરકારક રજૂઆત કરવામાં આવી હતી.
- આ રજૂઆતને અંતે તેમણે બે મહિનાનું એક્સ્ટેન્શન આપેલું છે અને આ સમયમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકની વસ્તુઓનું રીસાયકલીંગ કેવી રીતે કરવું અને તેમાં તેમના સહયોગ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બાબતમાં તેમનો સંપૂર્ણપણે સહયોગ રહેશે તેવી પ્રમુખશ્રીએ ખાત્રી પણ આપી હતી.
- શ્રી જીગીશ દોશી એ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરના સભ્યોમાં ૧૦ થી ૧૫ સભ્યો જ પ્લાસ્ટીક ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા હોવા છતાં પણ પ્રમુખશ્રીએ પ્લાસ્ટીક ઉદ્યોગના પ્રશ્નો માટે જે ત્વરિત મિટિંગ બોલાવી પગલાં લીધા તે માટે તેમનો આભાર માન્યો હતો.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે પ્લાસ્ટીક ઉદ્યોગો ઉપરાંત આ પ્રશ્નો હોટલ ઇન્ડસ્ટ્રીઝ ઉપરાંત અન્ય નાના-મોટાં ઉદ્યોગોને પણ અસર કરે છે. તેમણે ખુબજ નાના મહાજનો અંદાજે ૨૫,૦૦૦ જેટલાં છે તેને પણ ચેમ્બર સાથે સાંકળી લેવા અંગે વાત કરી હતી.

**<u>આઇટમ નં. ૧૧</u>**

- જીએસટીના કાયદા અંતર્ગત defaulters ને ક્રીમીનલ પ્રોસીજર કોડની જોગવાઇઓ અનુસાર FIR કર્યા વગર માત્ર અધિકારીની ભલામણથી જે સીધી ધરપકડ કરી શક્યા તેવી ઉચ્ચ ન્યાયાલયના હાલના ચુકાદા અંગે પ્રમુખશ્રીએ સમિતિના સભ્યો સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ આ અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે CGST કાયદાના સેક્શન ૧૩૨ અંતર્ગત જો કમિશ્નરને લાગે કે કોઇ પણ વ્યક્તિ દ્વારા કરેલ કરચોરીની રકમ રૂા.૫ કરોડ થી વધુ થવાની શક્યતાઓ છે તો તે કમિશ્નર ટેક્ષ લાયબીલીટી માટેના ફાઇનલ એસેસમેન્ટની રાહ જોયા વગર સીધું તે વ્યક્તિની ધરપકડ કરાવી શકે છે.

➢ CGST ના સેક્શન ૧૩૨(૧) માં આવા ૧૨ પ્રકારના કર સંબંધિત ગુનાઓ દર્શાવેલ છે જેમાં ખોટું ઇન્વોઇસ બનાવવું, ગેરકાયદેસર જીએસટી ઉઘરાવવું, ખોટી ક્રેડીટ, બુક્સ ઓફ એકાઉન્ટ્સમાં ખોટા આંકડાઓ આપવા, ગેરકાયદે માલની હેરફેર કરવા જેવા ગુનાઓનો સમાવેશ થાય છે.

➢ આ અંગે GCCI દ્વારા આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે શું પ્રયત્નો કરવા જોઇએ તેની ચર્ચા-વિચારણા માટે આ મુદ્દો કારોબારી સમિતિ સમક્ષ મુકું છું.

➢ ચર્ચાને અંતે આ અંગે યોગ્ય રજૂઆત કરવી જોઇએ તેમ નક્કી કરવામાં આવ્યું હતું. જરૂર પડે માનનીય નાણામંત્રીશ્રીનો સમય લઇ રૂબરૂ રજૂઆત કરવી તેમ પણ સૂચન કર્યું હતું.

**<u>આઇટમ નં. ૧૨</u>**

➢ ચોમાસા દરમ્યાન સમગ્ર રાજ્યના વેપાર-ઉદ્યોગ ઉપર પડનારી સંભવતઃ આપત્તિઓ અંગે આગોતરા આયોજનની જાણ કરવા અંગે રજૂઆતકરતાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બર તરફથી ગુજરાતના તમામ મહાનગરપાલિકાઓને ચોમાસા પહેલાં સંભવતઃ આપત્તિઓથી વેપાર-ઉદ્યોગને નુકશાન ના થાય તે માટે કોર્પોરેશન દ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે તે જણાવવા અંગે પત્ર મોકલી આપવામાં આવ્યો છે.

➢ આના પ્રત્યુત્તરમાં જામનગરના મ્યુનિ. કમિશ્નરશ્રીનો ચોમાસા પહેલાં સાવચેતીના પગલાં અને સાવચેતીની વિગતો ગુજરાત ચેમ્બરમાં આવી ગયેલ છે જે જામનગર ચેમ્બરને મોકલી આપવામાં આવશે.

➢ વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે જામનગર મ્યુનિ. કમિશ્નરશ્રીનો ત્વરિત જવાબ આવ્યો છે જે અભિનંદનને પાત્ર છે અને તે માટે તેમણે એક એપ્રીશીયેશન લેટર મોકલી આપવામાં આવશે જેની નકલ માનનીય મંત્રી શ્રીને પણ મોકલવામાં આવશે.

➢ શ્રી અશોક પટેલે કઠવાડા જી.આઇ.ડી.સી.માં પાણી ભરાઇ જવાના પ્રશ્નો અને ટ્રાફીક સામેના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી.

➢ જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી બિરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે સામાન્યરીતે દરેક મહાનગરપાલિકામાં આવી મિટિંગોમાં જે તે રીજનલ ચેમ્બરના પ્રમુખને સ્થાન આપવામાં આવતું હોય છે તો બીજી રીજનલ ચેમ્બરની પણ આવી કોઇ માહિતી હોય તો મેળવવી જોઇએ.

➢ શ્રી હિતેન વસંતે વ્યક્તિના ઇન્સ્યોરન્સમાં વાહનના પી.યુ.સી. ને સાંકળવી ના જોઇએ તે અંગે રજૂઆત કરવી જોઇએ.

➢ શ્રીમતી મીનાબેન કાવીયાએ જણાવ્યું હતું કે અમુક માટે ચેમ્બરના સેક્રેટરીયેટે અગાઉથી પગલાં લેવા જોઇએ જેમ કે બજેટ આવતા પહેલાં પ્રિ-બજેટના સૂચનો તૈયાર કરવા, પોસ્ટ બજેટના સૂચનો તૈયાર કરવા, ચોમાસા પહેલાં સાવચેતીના પગલાંની માહિતી મેળવવી વિગેરે જેથી દરેક સભ્યોને આ માહિતી સમયસર પહોંચાડી શકાય.

**<u>આઇટેમ નં. ૧૩</u>**

➢ પ્રમુખશ્રીએ ગુજરાત ચેમ્બર દ્વારા વેપાર-ઉદ્યોગના વિવિધ પ્રશ્નો અંગે અલગ અલગ કક્ષાએ કોર્ટ કેસ કરવામાં આવ્યા છે તે પેન્ડીગ કોર્ટ કેસની માહિતી આપવા પ્રમુખશ્રીએ સેક્રેટરી જનરલને શ્રી જગદીશ શાહને વિનંતી કરી હતી.

➢ શ્રી જગદીશ શાહે એનેક્ષર-ડી મુજબ વિગતો આપી હતી.

➢ સર્વ સભ્યોએ કારોબારી સમિતિના સભ્યોને આની તમામ વિગતો ઇ-મેઇલથી મોકલી આપવા જણાવ્યું હતું.

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ વિગતો કારોબારી સમિતિ સમક્ષ મુકવા પાછળનો એક હેતુ એ પણ છે કે આવનાર સમયમાં ચેમ્બરે તેની ભૂમિકા નક્કી કરવી પડશે. કારણ કે વેપાર-ઉદ્યોગના પ્રશ્નોના ઉકેલ માટે જે કોર્ટ કેસ કરવામાં આવે છે તેમાં સમય અને ખર્ચ સારા પ્રમાણમાં થાય છે. અત્યારે તમામ ખર્ચનું ભારણ ચેમ્બર પર છે. આવા સંજોગોમાં નાના મહાજનોના પ્રશ્નો, વિશાળ હિતના પ્રશ્નોને લડત આપવી હોય તો સારું ફંડ પણ જોઇશે.
- પ્રમુખશ્રીએ સૂચન કર્યું હતું કે આ માટે ચેમ્બરમાં એક લીગલ ફંડ ઉભું થવું જોઇએ જેની સંપૂર્ણ સત્તા કારોબારી સમિતિને હોય અને આ ફંડના ઉપયોગ માટેના ચોક્કસ નિયમો કરવા જોઇએ.
- આ બાબત પર ઉપસ્થિત સભ્યોએ તેમના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.
- ડો. જૈમિન વસાએ જણાવ્યું હતું કે ચેમ્બર તરફથી કરવામાં આવેલ કોર્ટ કેસ શેના માટે કરવામાં આવ્યા છે, તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે અને તેનું શું પરિણામ આવેલ છે તેની વિગતો તૈયાર કરવી જોઇએ.
- શ્રી નિલેષ શુક્લએ જણાવ્યું હતું કે ચેમ્બરના આર્બીટ્રેશન મીડીયેશન સેન્ટર (ADRC)ની ફી પણ વધારવી જોઇએ તેવું સૂચન કર્યું હતું.
- ચર્ચાને અંતે ઉપસ્થિત સભ્યોએ લીગલ ફંડ ઉભું કરવા માટે સર્વાનુમતે સંમતિ આપી હતી.

**<u>આઇટેમ નં.૧૪</u>**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૯-૨૦ના વર્ષ માટે બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સન તરીકે શ્રીમતી રેખાબેન અધ્વર્યુ ચૂંટાયેલા હતા પરંતુ તેઓએ તા. ૨૨-૬-૧૯ના રોજ રાજીનામુ આપતાં તેમની ખાલી પડેલી જગ્યાએ GCCIના બંધારણના નિયમ-૩૫(આઇ)(૧૭) મુજબ કો-ચેરપર્સન હવે ચેરપર્સન બને છે અને હવે કો-ચેરપર્સનની જગ્યાએ બંધારણના નિયમ ૩૫(આઇ)(૧૮) મુજબ યોગ્ય ઉમેદવાર કો-ઓપ્ટ કરવાની સત્તા કારોબારી સમિતિને છે.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ શ્રીમતી ફણીબેનને અભિનંદન પાઠવ્યા હતા અને કો-ચેરપર્સનની જગ્યા માટે યોગ્ય ઉમેદવાર કો-ઓપ્ટ કરવાની સત્તા સર્વાનુમતે ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

**<u>આઇટેમ નં. ૧૫</u>**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે રીજનલ ચેમ્બરની પાત્રતા નક્કી કરવા માટે બંધારણના નિયમ-૬(બી) માં જોગવાઇ કરવામાં આવી છે કે જે રીજનલ ચેમ્બરની પાત્રતા બંધારણની જોગવાઇ પ્રમાણે ના હોય તેમણે ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધી પાત્રતા મેળવી લેવા માટે નિયમમાં જણાવેલ છે પરંતુ આ અંગે જરૂરી કાર્યવાહી ના થઇ હોવાથી તા. ૨૨-૬-૨૦૧૯ના રોજ મળેલી વાર્ષિક સામાન્ય સભામાં થયેલ ચર્ચા અને ભલામણને ધ્યાનમાં લેતાં આ મુદ્દત ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી લંબાવવા માટે દરખાસ્ત બાબતે જરૂરી કાર્યવાહી કરવાની રહે છે.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ચેમ્બરના બંધારણમાં રીજનલ ચેમ્બરની પાત્રતા માટેના ચોક્કસ નિયમો આપવામાં આવ્યા છે પરંતુ આ અંગે ગુજરાત ચેમ્બર અને રીજનલ ચેમ્બર બંને તરફથી કોઇ જ કાર્યવાહી કરવામાં આવી નથી. આ બંધારણમાં તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં પાત્રતા મેળવી લેવા જણાવવામાં આવેલ હતું. આમ આ તારીખમાં સુધારો કરવો તે બંધારણીય સુધારો છે પરંતુ બંને તરફથી કાર્યવાહી કરવામાં આવી નથી તે ધ્યાનમાં લેતા અને બંધારણના સુધારા જે કરવામાં આવશે તેમાં આ સુધારો લઇ લેવામાં આવશે. આ બંને બાબતોને ધ્યાનમાં લઇને આપ સૌને સંમતિ હોય તો તા. ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી આ તારીખ લંબાવવાની મંજુરી આપવા દરખાસ્ત છે.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ આની નોંધ લઇ સર્વાનુમતે મંજુરી આપી હતી અને નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

ઠરાવ નં. ૪

રીજનલ ચેમ્બરની પાત્રતા મેળવી લેવા માટે બંધારણના નિયમ (૭)(બી) માં જણાવ્યા મુજબ આ પાત્રતા તા. ૩૧ માર્ચ, ૨૦૧૯ની મુદતને તા. ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી લંબાવવાની આગામી બંધારણીય સુધારામાં આ સુધારો લઇ મંજુર કરાવવાની અપેક્ષાએ સર્વાનુમતે મંજુર કરી ઠરાવવામાં આવે છે.

**આઇટેમ નં.૧૬**

- બંધારણના નિયમ-૨૫ મુજબ કો-ઓપ્ટ અને આમંત્રિત સભ્યો નક્કી કરવા બાબતે પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ નક્કી કરવાની સત્તા કારોબારી સમિતિને છે પરંતુ આપ સૌને મંજુરી હોય તો આ સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપવા વિનંતી છે.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ કો-ઓપ્ટ અને આમંત્રિત સભ્યને નક્કી કરવાની સત્તા સર્વાનુમતે ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

**આઇટેમ નં. ૧૭**

- બંધારણના નિયમ-૨૬(૭) મુજબ કમિટિઓની રચના કરવાની સત્તા કારોબારી સમિતિને છે પરંતુ આપ સૌની મંજુરી હોય તો આ સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપવા પ્રમુખશ્રીએ વિનંતી કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ કમિટિઓની રચના કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

**આઇટેમ નં. ૧૮**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે બિઝનેસ વિમેન વિંગના પૂર્વ ચેરપર્સન અને બિઝનેસ વિમેન વિંગની વર્કીંગ કમિટિના એડવાઇઝરી સભ્યોની તથા તા. ૧૭-૬-૧૯ના રોજ મળેલી બિઝનેસ વિમેન વિંગની સામાન્ય સભામાં ઉપસ્થિત સભ્યો દ્વારા બંધારણમાં સુધારો કરી બિઝનેસ વિમેન વિંગની હાલની જોગવાઇઓ દૂર કરી અગાઉની જેમ ગુજરાત ચેમ્બરની કમિટિઓમાંની એક બિઝનેસ વિમેન વિંગ કમિટિ બનાવવાની અને આ પ્રમાણેની જોગવાઇ તથા જરૂરી સુધારા માટે બંધારણ સમિતિને ભલામણ કરવાની રજૂઆત આવેલ છે.
- વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આવી રજૂઆતોની વિગતો એજન્ડા સાથે આપ સૌને મોકલી આપવામાં આવી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ તમામ બાબતો બંધારણના સુધારાને લગતી હોવાથી સૌ પ્રથમ બંધારણ સમિતિની રચના કરવાની જરૂર છે. ત્યારબાદ બંધારણીય સુધારા અંગે જે કાર્યવાહી કરવાની થાય છે તે મુજબ કરવામાં આવશે.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ આ કાર્યવાહી કરવાની સત્તા સર્વાનુમતે ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

**આઇટેમ નં. ૧૯**

- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સન સામે આવેલ ફરિયાદ બાબતે કારોબારી સમિતિની મંજુરીની અપેક્ષાએ નિમણૂક કરવામાં આવેલી તપાસ સમિતિની નિમણૂકને બહાલી આપવાની થાય છે. વધુમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ તપાસ સમિતિની નિમણૂકની સત્તા કારોબારી સમિતિને છે પરંતુ અસામાન્ય સંજોગો ઉભા થતાં પ્રમુખશ્રીએ તેમના અધિકારનો ઉપયોગ કરી અને કારોબારી સમિતિની મંજુરીની અપેક્ષાએ તપાસ સમિતિની નિમણૂક કરી હતી જે નિમણૂકને બહાલી આપવા વિનંતી છે. આ તપાસ સમિતિમાં નીચે મુજબના સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

૧. શ્રી રૂપેશ સી. શાહ - પૂર્વ પ્રમુખશ્રી
૨. શ્રી રાકેશ શાહ - પૂર્વ પ્રમુખશ્રી
૩. શ્રી સૌરીન પરીખ - ઓફીસ બેરર્સ

➢ સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ બિઝનેસ વિમેન વિંગના ચેરપર્સનની સામે આવેલ ફરિયાદ બાબતે નિમણૂક કરવામાં આવેલ તપાસ સમિતિની નિમણૂકને સર્વાનુમતે બહાલી આપી હતી.

**<u>આઇટેમ નં. ૨૦</u>**

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના અગાઉના વર્ષોમાં કારોબારી સમિતિ દ્વારા રચના કરવામાં ઇન્કવાયરી કમિટિની કામગીરીના અહેવાલની જાણ કારોબારી સમિતિને કરવા બાબતમાં પ્રમુખશ્રીએ નીચે મુજબની વિગતો સમિતિના સભ્યોને આપી હતી.

૧. તા. ૬-૫-૨૦૧૬ના રોજ ઠરાવ-૨ મુજબ કારોબારી સમિતિએ શ્રી કૈલાસ ગઢવી સામે તપાસ કરવા તપાસ સમિતિ બોલાવેલ.
   - તા.૨૭-૬-૨૦૧૬ના રોજ શ્રી કૈલાસ ગઢવીએ લેખિતમાં માફી માંગી હતી. તે પછી તેમનો કેસ બંધ થયો છે તેમ શ્રી શૈલેષ પટવારીએ જણાવ્યુ છે.

૨. તા. ૨૦-૫-૨૦૧૫ના રોજ મળેલ કારોબારી સમિતિએ ચીનની ઘટના બાબતે તપાસ કરવા ત્રણ પૂર્વ પ્રમુખશ્રીઓની કમિટિની રચના કરવાનું મંજુર કરવામાં આવેલ હતું.
   - ચેમ્બરના સી.ઇ.ઓ. શ્રી હસમુખ હિંગુએ ધ્યાન દોર્યું હતું કે ચેમ્બરના બંધારણ નિયમ-૧૨ મુજબ કમિટિએ ૩૦ દિવસમાં અહેવાલ આપવાનો હોય છે.
   - આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે બંધારણમાં તપાસ સમિતિના અંગેના નિયમો જણાવેલ છે તે મુજબ જ કરવાનું હોય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે બંધારણમાં જણાવેલ સમય મર્યાદામાં તપાસ સમિતિનો કોઇ અહેવાલ મળેલ નથી.

૩. પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે મીસ હેમલતા ભુતાની સામે શ્રીમતી નીમીતા દેસાઇ અને મીસ રૂઝાન ખંભાતાની આવેલ ફરિયાદ બાબતે તપાસ સમિતિની નિમણૂક કરવામાં આવી હતી. આ સમિતિમાં પૂર્વ પ્રમુખ શ્રી રૂપેશ સી. શાહ, શ્રી રાકેશ આર. શાહ અને માનદ્-ખજાનચી શ્રી સૌરીન પરીખ હતા. તેમના તરફથી સમિતિનો જે રીપોર્ટ આવ્યો છે, જે કારોબારી સમિતિની જાણ માટે આપ સૌને ટેબલ ઉપર આપેલ છે.

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ રીપોર્ટના નિષ્કર્ષમાં એટલું જણાવી શકાય કે મીસ હેમલતા ભુતાને બિઝનેસ વિમેન વિંગના સભ્ય તરીકે એક વર્ષ માટે દૂર કરવામાં આવે છે જ્યારે બિઝનેસ વિમેન વિંગના પૂર્વ ચેરપર્સન તરીકે ચેમ્બરના રેકોર્ડમાં તેમનું નામ રહેશે.
   - સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ આની નોંધ લીધી હતી.

**<u>આઇટેમ નં. ૨૧</u>**

**પ્રમુખ સ્થાનેથી**

(૧) અને (૨)

➢ પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બર ફીક્કીનું સભ્ય છે તેનું વાર્ષિક લવાજમની ફી (રૂા.૧૭,૭૦૦/-) ભરવા બાબતે પરિપત્ર આવેલ છે.

- તેવી જ રીતે ઇન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સ (ઇન્ડિયા) નું લવાજમ ભરવા બાબતે (રૂ.૪૭,૨૦૦/-)નો પરિપત્ર આવેલ છે. આ અંગે યોગ્ય કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
- સભામાં ઉપસ્થિત સર્વ સભ્યોએ આ લવાજમની ફી ભરવા માટે સર્વાનુમતે મંજુરી આપી હતી.
- પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે ફીક્કી, CII, ASSOCHAM, જેવી ઓર્ગેનાઇઝેશન નેશનલ લેવાલે કામ કરે છે અને સ્ટેટ લેવલે તેમની સાથે કામગીરી કરવા સ્ટેટ લેવલના એપેક્ષ બોડી મેમ્બર બનતી હોય છે. આ સંજોગોમાં ગુજરાતના વેપાર-ઉદ્યોગના પ્રશ્નો બાબતે અથવા તો સ્ટેટ લેવલ એક્ટીવીટી બાબતે તેઓએ આપને સહયોગ આપવો જોઇએ. આપણાં પ્રતિસ્પર્ધી બનવું ના જોઇએ તેવું મારું મંતવ્ય છે.
- તેઓએ સ્ટેટ લેવલે કામગીરી કરવા માટે આપણા સાથ-સહયોગમાં રહેવું જોઇએ અને ચેમ્બરને મહત્ત્વ આપવું જોઇએ.
- શ્રી જીગીશ દોશી એ જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બરની ઇમેજ MSME યુનિટો માટે કાર્ય કરતું ઓર્ગેનાઇઝેશન છે તેવી છે.
